## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હાથીને શેરડી ખવડાવી એટલે હાથી અમારા પક્ષમાં આવી જાય... આવું પુછતો નહી, લોકો તને ગાંડો ગણશે...!!!

# ભાટ સુમેલ બંગલોઝ પાસે ચાલતા જતા યુવકનો મોબાઈલ ઝુંટવી ત્રણ શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૧

શહેરના ભાટ સુમેલ બંગ્લોઝ પાસે રાત્રીના સમયે જમીને ચાલવા માટે નીકળેલા યુવકનો ફોન બાઈક પર આવેલા અજાણ્યા શખ્સો લઈ નાસી ગયા હતા. જેથી યુવકે રૂ.૨૦ હજારનો ફોન ઝુંટવી જનાર શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત ગાંધીનગરના ભાટ ગામે જયભોલે બંગ્લોઝ ખાતે રહેતા ૩૧ વર્ષિય વિક્રમ મોહનલાલ દલવાણી પરિવાર સાથે રહે છે અને સૈજપુર બોઘા ખાતે પેપર રો મટીરીયલનો વેપાર કરે છે. યુવક પાસે વન પ્લસ કંપનીનો રૂ.૨૦ હજારની કિંમતનો ફોન હતો. ગત તા.૭ એપ્રિલના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં વિક્રમ ઘરેથી જમીને ચાલવા માટે નીકળ્યો હતો. ત્યારે રાત્રીના સાડાનવ વાગ્યાના અરસામાં ભાટ સુમેલ બંગ્લોઝ ગેટ નં.૧ પાસેથી વિક્રમ ચાલીને આવી રહ્યો હતો તે સમયે મોબાઈલ હાથમાં હતો. તે સમયે સ્પ્લેન્ડર બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો યુવકના હાથમાંથી મોબાઈલ લઈ નાસી ગયા હતા. જયારે યુવકે બાઈકનો નંબર જોયો ન હતો. જયારે ત્રણ શખ્સો અંદાજીત ૨૦ થી ૨૫ વર્ષના હતા. જયારે મોબાઈલ ઝુંટવી નાસી જનાર અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# તુ મને ગમતી નથી તેમ કહી પરિણિતાને કાઢી મુકતા પતિ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૧

વાવોલની પરિણિતાને તુ મને ગમતી નથી, મારે તને રાખવી નથી, તુ પિયર જતી રહે, તારા પિતાએ દહેજમાં કંઈ આપ્યું નથી તેવા મ્હેણા-ટોણા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી કાઢી મુકતા પરિણિતાએ સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના એક ગામની દિકરીના લગ્ન ગાંધીનગરના વાવોલ ખાતે વર્ષ ૨૦૧૯માં સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ પરિણિતા સાસરીમાં રહેવા માટે આવી હતી. તે સમયે તેણીના પિતાએ કરીયાવરમાં સોના ચાંદીના દાગીના તેમજ અન્ય ચીજવસ્તુઓ આપી હતી. એક વર્ષ લગ્નના જીવનનું સારી રીતે ચાલ્યું હતું.ત્યારબાદ પતિ અવારનવાર ઘરના કામકાજ અંગે બોલાચાલી કરી ગાળો બોલી મારઝુડ કરતો હતો.જયારે પતિ સુધરી જશે તેમ માની કોઈને પણ આ અંગે પરિણિતાએ જાણ કરી ન હતી. જયારે પતિ રોજ મોડા આવતા પરિણિતા પુછપરછ કરતા તેની સાથે મારઝુડ કરતા હતા. જયારે દોઢ વર્ષ અગાઉ તેણીના પતિએ તુ કેમ સારા પકડા પહેરતી નથી તેમ કહી તિજોરીમાં રહેલા કપડા સળગાવી દીધા હતા. જયારે ઘરકામ અંગે ઝગડા કરતા પરિણિતા પિયરમાં જતી રહેતા તેના માતા-પિતા ઘર સંસાર બગડે નહી તેમ વિચારી મને સમજાવી સાસરીમાં મુકી જતા હતા. તેમ છતા છ માસ પહેલા તુ મને ગમતી નથી, મારે તને રાખવી નથી, તુ પિયર જતી રહે તેમ કહી માર મારી પિયરમાંથી દહેજ લઈ આવજે તેમ કહી ઘરમાંથી કાઢી મુકી ઘરે આવીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપતા પરિણિતાએ પતિ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

- આજે તલાટીની આગામી સ્પર્ધાત્મક પરીક્ષાઓના આયોજનો અને તૈયારીઓ અંગે વિડીયો કોન્ફરન્સ જિલ્લાઓ સાથે યોજાઈ હતી.
- ગરમીના પ્રકોપને લઈ સરકારી કચેરીઓમાં મુલાકાતીઓ ઘટ્યા છે.
- દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ આજે જિલ્લા પંચાયત કચેરીએ આવ્યા હતા અને મોડી સાંજ સુધી રોકાયા હતા.
- ગાંધીનગર મનપાના નવ નિયુક્ત કમિશનર વાઘેલાએ મનપાના શાખાધિકારીઓ સાથેની બેઠકનો એક રાઉન્ડ પૂરો કર્યો છે.
- ગાંધીનગરના અડાલજના ઈન્દિરાનગરના ખેતરમાંથી પોલીસે જુગાર રમતા ૩ ઈસમોને ઝડપી લીધા છે.
- આદર્શ પ્રા. શાળા શાહપુરને અંત્યોદય ફાઉન્ડેશન દ્વારા ટોય બેંકની ભેટ મળી છે.
- કલોલમાં બે દુકાનોના તાળાં તોડી તસ્કર ૨૯ હજારથી વધુની રોકડ રકમ લઈ રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.
- રણાસણ સર્કલ નજીક આવેલ હોટલમાંથી ક્રિકેટ મેચો પર સટ્ટો રમતા ત્રણ ઈસમો ઝડપાયા.
- ભાટ ગામે બાઈક પર આવી ત્રણ ઈસમો વેપારીના મોબાઈલની લૂંટ ચલાવી ફરાર થયાની ઘટના નોંધાઈ છે.
- સે.૨૧ શોપીંગ માંચાર શખ્સોનો માતા-પુત્ર પર હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.
- માણસાના રામપુરા ગામના યુવકનો રિક્ષામાં બેસતા કોઈ ઈસમે મોબાઈલ ચોરી લીધો હોવાની ઘટના નોંધાઈ છે.
- સાદરા વિદ્યાપીઠ ખાતે ડૉ. ગાયત્રી દત્ત મહેતાના કસ્તૂરબા અને મહાત્મા જ્યોતિબા ફૂલે વિશે વ્યાખ્યાનનું આયોજન કરાયુ હતુ.
- દહેગામમાં ગઠિયો રૂ. ૩૨ હજાર ભરેલી રોકડની થેલી ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી હતી.
- ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી પુનઃ વ્યવસ્થિત ટૂંકમાં જ થઈ જશે તેવો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આઈપીએલનો ક્રેઝ વધવા પામ્યો છે. આઈપીએલની મેચો જ ટોક ઓફ ધી ટાઉન રહેવા પામી છે.
- ગુડાના સીઈઓનો ચાર્જ દેવાંગ દેસાઈને સોંપવામાં આવ્યો છે. સરકારે આજે વિવિધ અધિકારીઓને ચાર્જ સોંપવાના હુકમો જારી કર્યા છે.



# સેક્ટર-૨માં ઝાડ નમી પડતા અકસ્માતનો ભય

સેકટર-૨-ડી માં સ્થિત સરકારી પ્રાથમિક શાળાને અડીને આવેલુ ઝાડ સુકુ થઈ ગયુ છે તેમજ વેલના વજનના કારણે રોડ તરફ નમી ગયું છે. શાળા ચાલુ હોવાથી બાળકો ત્યાથી અવર-જવર કરતા હોય છે. નમી ગયેલા ઝાડને કારણે અકસ્માત સર્જાઈ શકે છે. બાળકો અને લોકો માટે તે જોખમી છે.



ઉનાળો શરૂ થતાં જ સ્વીમીંગનો ક્રેઝ વધવા લાગે છે. વળી ઉનાળુ વેકેશન હોય એટલે સ્વીમીંગમાં જનારાઓનો ભારે ધસારો રહે છે. સેક્ટર-૧૯ના જુના અને જાણીતા સ્વીમીંગપૂલનું છેલ્લા ઘણા સમયથી રીનોવેશન ચાલી રહ્યુ હતુ. આ રીનોવેશન પૂર્ણ થતા સ્વીમીંગપૂલ પુનઃ ચાલુ થઈ ગયુ છે. સ્વીમીંગ શીખવા આવનારાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# વિદ્યાપીઠ સાદરા ખાતે ડૉ. ગાયત્રી દત મહેતાએ કસ્તુરબા ગાંધી અને મહાત્મા જ્યોતિ બા ફૂલે વિશે વ્યાખ્યાન યોજાયું



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત કસ્તુરબા ગાંધી અને મહાત્મા જ્યોતિ બા ફૂલે વિષય પર હિન્દી વિભાગના અધ્યાપક ડૉ.ગાયત્રી દત મહેતા એ કસ્તુરબા નો જન્મ, બાળપણ અને આઝાદી આંદોલન માં યોગદાન વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. મહિલાના ઉત્કર્ષ માટે કરેલા કાર્યો વિશે પણ વાત કરી હતી. મહાત્મા જ્યોતિ બા ફૂલે સમાજ સુધારક, સ્ત્રી જાગૃતિ વિશેના કાર્યો વિશે વિસ્તૃત ઉદાહરણ સહિત રસપ્રદ વાતો કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક શ્રી ડૉ રાજેન્દ્ર જોષી ના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડૉ મોતીભાઈ દેવું અને ડૉ દિવ્યેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રણાસણ સર્કલ પાસે ક્રાઉન હોટલમાંથી ત્રણ બુકી ઝડપાયા

### હોટલનો રૂમ ભાડે રાખી આઈપીએલની મેચ પર સેશન રમાડતા હતા, અમદાવાદના ત્રણ બુકીને એલસીબી-૨ એ ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં આઈપીએલ મેચનો માહોલ બરાબરનો જામ્યો છે. મેચ રસીયાઓ સાંજ થી ટીવી આગળ ગોઠવાઈ ગયા હોય છે.ત્યારે કેટલાક સટ્ટોડીયાઓ ઓનલાઈન સટ્ટો રમતા હોય છે. ત્યારે રણાસણ સર્કલ પાસે ક્રાઉન હોટલમાં રૂમ બુક કરી આઈપીએલની મેચ પર સેશન તેમજ હારજીતના દાવ પર સટ્ટો રમાડતા અમદાવાદના ત્રણ બુકીને હોટલમાંથી રૂ.૧૯,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસને બાતમી મળી હતી કે રણાસણ સર્કલ પાસે એટલાન્ટીકા કોમ્પ્લેક્ષમાં આવેલ ધ ક્રાઉન હોટલના રૂમ નં.૩૦૫ માં અનિલ અડવાણી પોતાના સાથીદારો સાથે રૂમ ભાડે રાખી આઈપીએલની મેચ પર સટ્ટો રમાડે છે. જયારે હાલ આઈપીએલની રોયલ ચેલેન્જર બેંગ્લોર તેમજ લખનઉ સુપર જાયન્ટસ મેચ પર ઓનલાઈન સેશન રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડતા હોટલની અંદર બેડ પર ત્રણ શખ્સો બેઠા હતા.

# ઝુંડાલ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાંથી ૬ જુગારીઓ ઝડપાયા

### કોકા કાફેની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ઝુંડાલ ગામની સીમમાં કોકા કાફેની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૬ જુગારીઓને પોલીસે પકડી પાડી રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ જવાનો પેટ્રોલીગમાં નીકળ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે ઝુંડાલ ગામમાં કોકા કાફેની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે તાત્કાલીક દરોડો પાડતા જુગારીઓના હોશ ઉડી ગયા હતા.જેથી પોલીસે તમામ જુગારીઓને બેસી રહેવાની સુચના આપી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ૬ જુગારીઓને પકડી પાડી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.જેમાં જુગારીઓએ પોતાના નામ ભઈલાલ મહેન્દ્ર રાવળ (રહે ઝુંડાલ), કેયુર ચિમનલાલ આચાર્ય (રહેધ્રુવ દર્શન સોસાયટી આઈઓસી રોડ ચાંદખેડા), કરણ દિપક શ્રીમાળી (રહે વ્રજ મજુરી -૨ ટેનામેન્ટ આઈઓસી ચાંદખેડા),જીગ્રેશ સુરેશ ચૌહણ ( રહે માધવ મંગ્લોઝ સાસાયટી વિભાગ) સંદિપ કિરીટ મેસરીયા તેમજ વિજય ગોવિંદભાઈ વણકર હોવાનું સામે આવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી જુગારીયાઓ જુગાર રમતા હતા. તેની ગંધ એલસીબીને આવી જતા તમામજુગારી ઝડપાઈ ગયા હતા. જયારે પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૧,૯૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## અડાલજ ઈન્દીરાનગર હુડકોની પાછળથી ત્રણ જુગારી ઝડપાયા

અડાલજ ઈન્દીરાનગર હુડકોની પાછળ ખુલ્લા ખેતરમાં કુંડાળુ વળી બાજી માંડીને બેઠેલા અમરતજી બળદેવજી ઠાકોર, રાકેશ રાણાજી ઠાકોર, અને કાળુજી મેલાજી ઠાકોરનો સમાવેશ થાય છે. અડાલજ પોલીસે ત્રણેય જણાની અંગજડતી માં રૂ.૧૦,૯૦૦ અને દાવ પરથી રૂ.૧૭૭૦ મળીને કુલ રૂ.૧૨,૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઈન્દીરાનગર ખાતે રહેતા ત્રણેય જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



શહેરમાં વસાહતીઓ વિવિધ પ્રવૃત્તિઓનું સરળતાથી આયોજન કરી શકે તે માટે ગાંધીનગર કોર્પોરેશનના વિવિધ વૉર્ડમાં કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી ખુરશી, મ્યુઝીક સિસ્ટમ અને રમતગમતના સાધનો વૉર્ડના કાઉન્સીલરના દ્વારા ફાળવવામાં આવે છે... જે પ્રવૃત્તિઓને ગાંધીનગરના વસાહત મંડળોએ ખૂબ જ આવકાર આપ્યો છે... આવી જ રીતે વૉર્ડ - ૫ પંચદેવ વૉર્ડમાં ઉત્સાહી અને સક્રિય કાઉન્સીલર શ્રીમતી હેમાબેન ભટ્ટ દ્વારા તેમની ગ્રાન્ટમાંથી વૉલીબોલ તેમજ ક્રિકેટ કીટનું વિતરણ કરી યુવાઓને પ્રોત્સાહિત કર્યા હતા...

# ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગમાં નવીન લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ ઓફિસનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર દ્વારા ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગમાં ત્રીજા માળે જે તે કોર્ટમાં આવતા ગરીબ અને જરૂરિયાતમંદ આરોપીને બચાવ કરવા માટે આરોપી જો અરજી આપે તો તેમની તેમના વતી રજુઆત કરવા માટે બચાવ પક્ષના વકીલની સુવિધા પુરી પાડવા નવીન લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ ઓફિસ શરૂ કરવામાં આવેલ છે. આ લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ (એલ.એ.ડી.સી.) ઉદ્‌ઘાટનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના એકસીક્યુટીવ ચેરપર્સન નામદાર જસ્ટીસ એ.જે. દેસાઈ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા તેમજ અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના અધ્યક્ષ તેમજ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ જે.આર. શાહના વરદ હસ્તે રીબીન કાપી લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ સીસ્ટમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. ઉદ્‌ઘાટનમાં ફુલટાઈમ સેક્રેટરી વી.એસ. ગઢવી, ગાંધીનગર જિલ્લાના તમામ જ્યુડીશીયલ ઓફિસરો, લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલમાં નિમણૂંક પામેલા વકીલ એ.બી. રાઠોડ, એચ.જી. ગાંધર્વ તથા ભારતીબેન ભાવસાર સાથે જિલ્લા સરકારી વકીલ એચ.એન. રાવલ તથા ગાંધીનગર બારના હોદ્દેદારો આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

# ધો-૬ થી ૮માં શિક્ષકોની ભરતી માટે આગામી ૨૩મીએ ટેટ-૨ની પરીક્ષા

### જિલ્લામાંથી ૩૦ હજાર પરીક્ષાર્થીઓ હાજરી આપશે

ગાંધીનગર તા ૧૧

શિક્ષકોની ભરતી માટે પુર્વે તૈયારીઓ કરવામાં આવી છે. ધો - ૬ થી ૮ ને અનુલક્ષી શિક્ષકોની ભરતી માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ટીચર એલીજીબીલીટી ટેસ્ટનુ આયોજન કરવામાં આવ્યુ છે. એપ્રિલ મહીનાના અંતિમ તબક્કામાં ટેટ- ૨ ની પરીક્ષા લેવાશે જેને ધ્યાનમાં રાખી પરીક્ષાલક્ષી તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. આગામી તા ૨૩ એપ્રિલના રોજ યોજાનારી આ પરીક્ષામાં અંદાજિત ૩૦ હજાર પરીક્ષાર્થીઓ હાજરી આપશે જયારે આ પરીક્ષાને અનુલક્ષી બેઠક વ્યવસ્થા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે.

રાજયની વિવિધ શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. અલબત્ત શિક્ષકોની ઘટને અનુલક્ષી લાંબા સમયથી પ્રવાસી શિક્ષકોથી પણ ઘણી શાળાઓમાં કામ ચલાવામાં આવે છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ શિક્ષકોની ઘટનો પ્રશ્ન છે. જયારે શિક્ષકોની ઘટને અનુલક્ષી શિક્ષણ વિભાગ દ્વારા સમયાંતરે ભરતી પ્રક્રીયા પણ હાધ ધરવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં હવે ધો - ૬ થી ૮ માં પણ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ આગામી તા ૨૩ એપ્રિલના રોજ ટેટ -૨ ની પરીક્ષા યોજવામાં આવશે જયારે આ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. રાજયની શાળાઓમાં શિક્ષકોની ઘટને નિવારવા માટે હાલ પણ પ્રવાસી શિક્ષકોની યોજના અમલી છે. જો કે જેમ જેમ શિક્ષકોની ભરતી થતી જાય તેમ પ્રવાસી શિક્ષકોની સંખ્યામાં પણ કાપ મુકવામાં આવે છે. ધો ૬ થી ૮માં પણ શિક્ષકોની ભરતી માટે જરૂરી એવી ટાટ - ૨ ની પરીક્ષા યોજવામાં આવશે જયારે શિક્ષકોની ભરતીનો અનુલક્ષીને ગાંધીનગર ઉપરાંત માણસા ,કલોલ, દહેગામના મુખ્ય સેન્ટર સાથે ૧૦૦ જેટલા પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે. પરીક્ષા કેન્દ્રો પર જરૂરી આયોજન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જો કે આ પરીક્ષાના અંતે તુરંત નોકરી મળી જાય તેમ નથી પરંતુ નોકરી મેળવવા માટે યોગ્યતા કેળવવાની આ કસોટી છે. ભરતી પ્રક્રીયામાં ભાગ લેવા માટે આ કસોટી પાસ કરવાની અનિવાર્ય છે. આગામી તા ૨૩ એપ્રિલના રોજ આ પરીક્ષા યોજવામાં આવશે જયારે જિલ્લામાંથી અંદાજિત ૩૦ હજાર જેટલા પરીક્ષાર્થીઓ હાજરી આપશે જેને અનુલક્ષી વિવિધ કેન્દ્રો પર બેઠક વ્યવસ્થા પણ ગોઠવાશે શિક્ષિત ઉમેદવારો આ પરીક્ષાને અનુલક્ષી ઉત્સુક છે. કેમ કે લાંબા સમયથી આ પરીક્ષાર્થીઓ કસોટીના આયોજન અંગે પણ વિચારણા કરતા હતા ધો - ૬ થી ૮ માં શિક્ષકોની ભરતી માટે આ પરીક્ષા લેવામાં આવશે.



કોંગ્રેસનુ પ્રતિનિધિ મંડળ રાજ્યપાલને મળ્યુ હતુ. રાજ્યપાલશ્રીની મુલાકાત વખતે રાજ્યમાં ઓબીસી સમાજની સંસ્થાઓને અનામત આપવા સહિતના મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી.